## વડીલોને વંદન અભિનંદન

નર્મદાબેન પોપટલાલ પટેલ
(૧૯૪૭)મો.૯૭૧૨૫૭૨૭૨૯

રામચંદ્ર વાધુમલ રંગવાણી
(૧૯૪૨)ફોન:(૦૨૬૫)૬૫૪૪૬૭૭

# ભારતીય તબીબી ચિકિત્સા પધ્ધતિ માટે વિશ્વયનીયતા ઉજાગર કરીએ : મુખ્યમંત્રી

## નેશનલ મેડીકો ઓર્ગેનાઈઝેશન આયોજિત NMOCON-2013નું ઉદ્‌ઘાટન કરતાં મુખ્યમંત્રી

અમદાવાદ, તા.૧૭

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નેશનલ મેડીકો ઓર્ગેનાઈઝેશન આયોજિત **NMOCON-2013** નું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે તબીબની સફળતા તેની સંપદાના આધારે નહીં, દર્દીને પીડામુક્ત કરવાની સંવેદનામાં છે.

સફળ તબીબને સંપદાના ત્રાજવે નહીં સંવેદનાથી સમજીએ, તબીબની દર્દી પ્રત્યેની સેવા અને નવી જીંદગી આપવાની પ્રતિબધ્ધતા એ સંવેદનાનો સાક્ષાત્કાર કરાવે છે અને નવી ઉર્જા આપે છે, એમ તેમણે જણાવ્યું હતું. વિવિધ ભારતીય તબીબ વિજ્ઞાન શિક્ષણની શાખાઓ વિશે આપણને જ પુરો વિશ્વાસ હોવો જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. ૧૯૭૭મા રચાયેલી રાષ્ટ્રવાદી માનવ સેવાને વરેલી ચિકિત્સકો તબીબોની આ **NMO** રાષ્ટ્રીય સંસ્થાની અમદાવાદમાં બે દિવસની આ તબીબી પરિષદમાં ૨૨૦૦થી વધુ ચિકિત્સક તબીબો ઉપસ્થિત રહ્યા હતાં.

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જયંતિના અવસરે વિવેકાનંદ **NMOCON-2013** યોજવામાં આવી છે, તેનો આનંદ વ્યકત કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, વિવેકાનંદ પ્રવર્તમાન સ્થિતિમાં વહી જનારું વ્યકિતત્વ નહોતા જીવનમાં હરેક ક્ષણ, હરેક દ્રશ્યમાં તેમણે સંઘર્ષ કરવો પડેલો. કોઈ બાબતને સહજ સ્વીકાર કરવાને બદલે પ્રતિબધ્ધતાથી હવાની રૂખ બદલવા તેમણે સંઘર્ષ કરેલો. ડોકટરનું સેવા કાર્ય બીજાને જીંદગી જીવવાની શકિત આપવાનું છે. કોઈ તબીબ તેનો દર્દી જીવનભર રોગગ્રસ્ત રહે તેવું ઈચ્છતો નથી. સફળ ડોકટરની વ્યાખ્યા તેમની પાસે કેટલી ભૌતિક સંપદા છે તેના પર નહીં પણ કેટલાને નવજીવન આપ્યું તેના પર છે. એક દર્દી માટે જીવન આપવા પોતાનું જીવન કેવી રીતે ખપાવ્યું એક દર્દને મીટાવવા કેવી તપશ્ચર્યા કરી એ છે. દર્દી માત્ર મરીજ ઈન્સાનની સેવા નથી પણ **NMO** નો રાષ્ટ્રભાવનાને વરેલો ચિકિત્સક દર્દીની સેવામાં ભારતભરની સેવાને આત્મસાત કરે છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

૧૯૬૨ની ચીનના યુધ્ધમાં ભારતના પરાજયની ભૂમિકાનું દર્દ વ્યકત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આપણી ભારતમાતાની ભૂમિ ગુમાવવાની પીડા આપણામાં સંવેદના જગાવે છે? ૧૫૦મી વિવેકાનંદ જયંતિ ઉજવણી વખતે વિવેકાનંદજીનું સપનું સવાસો વર્ષ પછી પણ અધુરું છે તેની કેટલી પીડા આપણને છે? સ્થિતિ બદલાય કે ન બદલાય પણ વિવેકાનંદનું સપનું પુરું નહીં થવાનું દર્દ તો આપણામાં હોવું જ જોઈએ.

ભારતમાતાની પૂજા કરવા માટે ૧૮૯૭માં તેમણે યુવાનોને આહવાન કરેલું તે પછીના ૫૦ વર્ષે હિન્દુસ્તાન આઝાદ બન્યું હતું. આજના દંભી બિનસાંપ્રદાયિકતા ધરાવતા પરિબળો વિવેકાનંદજીના તત્કાલીન ઈષ્ટ દેવતા છોડીને માત્ર ભારતમાતાની ભકિતનું આહવાન આપે તેને કઈ રીતે મુલવી શકે?

**NMO** ના રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. પવન ગુપ્તાએ જણાવ્યું કે દરિદ્રનારાયણની સેવા કરવા તત્પર ભાવથી પુલકિત અને રાષ્ટ્રીય ચરિત્ર્યથી દૈદિપ્યમાન તબીબો સમાજને મળતા રહે તે માટે **NMO** સદાય કટિબધ્ધ છે. **NMO** ના રાષ્ટ્રીય સેક્રેટરી ડૉ. સતીષ મીઢાએ જણાવ્યું હતું કે **NMO** એ તબીબી ક્ષેત્રમાં આગવી ઓળખ ઉભી કરી છે. દેશની આરોગ્ય સેવાઓને સુદ્રઢ બનાવવાનું બીડું **NMO** એ ઝડપ્યું છે.

પ્રારંભમાં ઓર્ગેનાઈઝેશનના સેક્રેટરી ડૉ. એમ.સી. પટેલે આવકાર પ્રવચન કર્યું હતું. આ અધિવેશનમાં **NMO** ના ગુજરાતના પ્રમુખ ડૉ. કમલેશ ઉપાધ્યાય સહિત હોદ્દેદારો અને દેશભરમાંથી ૨૨૦૦ જેટલા મેડીકલ અને ડેન્ટલ સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને તબીબો હાજર રહ્યા હતા.

અમદાવાદ શહેરના જીએમડીસી ગ્રાઉન્ડમાં રાઉન્ડ ટેબલ કાર રેલીમાં અંધ વ્યક્તિએ કહ્યા મુજબ કાર ચલાવી.

# ગુજરાતમાં સ્વાઈનફ્લુનો કાળાકેર કુલ ૨૭ના મોત થયા

અમદાવાદ, તા. ૧૭

સમગ્ર ગુજરાત ઉપર સ્વાઈનફલુનો ભરડો વધતો જાય છે. રાજયમાં છેલ્લા બે માસમાં સ્વાઈનફલુથી ૨૭ મોત નિપજ્યા હતા. આરોગ્ય તંત્ર રોગ ઉપર કાબૂ મેળવી શકયું નથી. અને દિવસે દિવસે સ્વાઈનફલુના કેસો વધતા જાય છે અને મૃત્યુના આંકડા પણ વધતા જાય છે.

સ્વાઈનફલુના કારણે સૌથી વધુ મૃત્યુ કચ્છ ભૂજમાં નોંધાયા છે. ભૂજમાં હાલ ૧૭ વ્યક્તિઓના ટેસ્ટમાં પોઝીટીવ આવ્યો છે. અને છેલ્લા ૩ દિવસમાં ૩ મોત સાથે ભૂજમાં મૃત્યુનો આંક ૧૦ ઉપર પહોંચ્યો છે. રાજકોટ શહેરને પણ સ્વાઈન ફલુએ ભરડામાં લીધું છે. અને અત્યાર સુધીમાં ૯ લોકોના મોત નિપજ્યાં છે. રાજકોટમાં કુલ ૨૦ કેસ સ્વાઈન ફલુના નોંધાયા હતા તે પૈકી ૧૭ પોઝીટીવ છે.

વડોદરામાં સ્વાઈનફલુથી ૩ વ્યક્તિઓ મોતને ભેટી છે. વડોદરામાં સ્વાઈનફલુના શંકાસ્પદ ૨૭ કેસ નોંધાયા હતા. જે પૈકી ૧૦ પોઝીટીવ આવ્યા છે. જામનગરમાં ૩ વ્યક્તિ મૃત્યુ પામી છે. ૪ કેસ પોઝીટીવ છે. અમદાવાદમાં ૨૭ કેસ પોઝીટીવ છે અને ૪ લોકોના મોત નિપજ્યાં છે.

# શ્રમિકોના સંતાનોને શિક્ષણ સહિતની સુવિધા મળે છે કે નહી તેની તપાસણી થશે

## શ્રમિકોને મળવા યોગ્ય તમામ જરૂરી સુવિધાની પણ તપાસ કરવા આદેશ

વેટ પ્રથા નાબુદી કાયદા અંતર્ગત જિલ્લામાં સ્થિત ઈંટના ભઠ્ઠા અને કન્સ્ટ્રકશન સાઈટો પર કામ કરવા આવતા શ્રમિકો અને તેમના બાળકો માટેની આરોગ્ય સુવિધાઓ, પીવાના પાણી તેમજ બાળકોના શિક્ષણ જેવી સુવિધાઓ મળી રહે છે કે કેમ તેની તપાસણી કરવા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની મળેલી બેઠકમાં જિલ્લા કલેક્ટરે સંબંધિત અધિકારીઓને સૂચના આપી દીધી છે નાગરિકોની સેવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીએ સુરક્ષા સેતુ સોસાયટી કાર્યરત ટૂંક જ સમયમાં શરૂ થશે તેમ જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપની અધ્યક્ષતામાં આજરોજ કાયદો અને વ્યવસ્થાની બેઠક જિલ્લા સેવા સદન ગાંધીનગર ખાતે મળી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપે બન્ને પ્રાંત અધિકારીઓને તાલુકા કક્ષાએ પણ કાયદો અને વ્યવસ્થાની દરમાસે બેઠક યોજવાનું ઉમદા સૂચન કર્યું હતું. તે ઉપરાંત હોટલો અને ભાડે અપાયેલા મકાનોમાં કોઈ રહે છે તે વાતનું બારીકાઈથી ચેકીંગ કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. વેટ પ્રથા નાબૂદી કાયદા અંતર્ગત જિલ્લામાં સ્થિત ઈંટવાળા અને કન્સ્ટ્રકશન સાઈટો પર કામ કરવા આવતા શ્રમિકો અને તેમના બળકો માટે આરોગ્ય સુવિધાઓ, પીવાના પાણી તેમજ શિક્ષણ જેવી અન્ય સુવિધાઓ છે કે નહી તે અંગેની તપાસ કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. નાગરિકોની સેવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીએ ટૂંક જ સમયમાં સુરક્ષા સેતુ સોસાયટી કાર્યરત કરવામાં આવશે. ગુમ થયેલ વ્યક્તિઓ ખોવાયેલ પાસપોર્ટ, વાહનચોરી, અજાણી વ્યક્તિઓના મૃતદેહ જેવી બાબતોની જાણકારી સરળતાથી મળી શકશે તેમ ડી.વાય. એસ.પી. ડી.એસ.પટેલે જણાવ્યું હતું.

# દસ ગામ લેઉઆ પાટીદાર સમાજનો સમૂહ લગ્ન મહોત્સવ ધમાસણ મુકામે યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના ધમાસણ મુકામે દસ ગામ લેઉઆ પાટીદાર સમાજનો ૨૬મો સમૂહ લગ્નોત્સવ ઉજવાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં રાજયના ગૃહમંત્રી રજનીભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તર મતવિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ તેમજ કાલુપુર સ્વામિનારાયણ મંદિરના સંતો-મહંતો દ્વારા ૧૫ નવ દંપતિઓને આર્શીવચન આપવામાં આવ્યા હતા. સમાજના જુદા જુદા દાતાઓ દ્વારા ૬૯ ગીફટો નવદંપતિઓને આપવામાં આવી હતી.

જિલ્લાના ધમાસણા મુકામે દસ ગામ લેઉઆ પાટીદાર સમાજનો સમૂહલગ્ન સમાજની વાડી ખાતે આજ રોજ ખૂબ જ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. આ સમૂહ લગ્ન થકી સમાજના ૧૫ નવ દંપત્તિઓએ પ્રભુતામાં પગલા પાડયા હતા. આ નવ દંપતિઓને સમગ્ર સમાજે ધમાસણા મુકામે આવી આર્શીવાદ આપ્યા હતા. સમગ્ર સમૂહ લગ્નનો ખર્ચ અંબાપુરના અંબિકા ગ્રુપ તરફથી કરવામાં આવ્યો હતો અને આગામી ૩૨ સમૂહલગ્નો કરવાના દાતાઓ સમાજમાં અગાઉથી નામ નોંધાવી રાખેલ છે. સમાજની દિકરીઓને સમૂહ લગ્ન સંસ્થાન અને વિવિધ દાતાઓ તરફથી જુદી જુદી ગીફટો પણ આપવામાં આવી હતી. સમૂહ લગ્નોમાં સવારથી જ વધુ ભીડ ઉમટી પડી હતી. પરંતુ સમૂહ લગ્ન હોય અને સાથો સાથ તાલુકા પંચાયતની ચૂંટણી હોવાથી સંસ્થાના હોદ્દેદારો તરફથી સૂચનો કરવામાં આવતા હતા કે મતદાન કરી અવશ્ય આવો અથવા થોડા વહેલા જઈ મતદાન ચોકકસ કરો. આ પ્રયાસ ખરેખર ખુબ જ પ્રશંસનીય બાબત છે. આ સમાજનો આગામી સમૂહલગ્ન સમાજની વાડી ખાતે આવતા વર્ષે તારીખ ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ યોજાશે અને સમાજના લોકો વધુમાં વધુ સમાજના સમૂહલગ્ન સંસ્થાનમાં જોડાય તેવી અપીલ સમાજના પ્રમુખ પશાભાઈ પટેલ તેમજ સમાજના મંત્રી પ્રકાશભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

અમદાવાદના સોલા મંગલદીપ પાર્ટી પ્લોટમાં દસકોશી કડવા પાટીદાર સમૂહ લગ્નમાં ૩૪ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા હતા.

# સતત વધી રહેલી મોંઘવારીમાં મધ્યમવર્ગીય પરિવારો પીસાઈ રહ્યા છે

## અવારનવાર વધતા પેટ્રોલ-ડીઝલના ભાવોથી મોંઘવારી માઝા મુકી રહી છે : મધ્યમવર્ગીય પરિવારોને બે છેડા ભેગા કરતાં પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે

ગાંધીનગર, તા. ૧૭

પેટ્રોલ-ડીઝલના ભાવો વધે એટલે સૌથી પહેલા મધ્યમ વર્ગીય પરિવારના સભ્યોને ધ્રાસ્કો પડે. માંડ માંડ બે છેડા ભેગા થતા હોય ત્યાં ઈંધણના ભાવો વધે એટલે મોંઘવારી વધે. આખુ બજેટ ખોરવાઈ જાય. ગાંધીનગરમાં વસતો મધ્યમવર્ગીય પરિવાર મોંઘવારીના ચક્કરમાં વધુને વધુ પીસાતો જાય છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે મધ્યમ વર્ગીય પરિવારોની જાણે ચિંતા જ છોડી દીધી છે. અવારનવાર જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવો વધે છે. જેની સામે આવક વધતી નથી. આથી વધુને વધુ પરિવારો મોંઘવારીના ચક્કરમાં પીસાતા જાય છે. અવારનવાર પેટ્રોલ અને ડીઝલના ભાવો વધે છે. રાંધણગેસ અને કેરોસીન પણ ભાવ વધારાના ચક્કરમાંથી બાકાત નથી. ઈંધણના ભાવો વધે એટલે સ્વાભાવિક રીતે જ તેની અસર જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ પર પડે છે. દૂધ, શાકભાજી અને અનાજના ભાવો વધે છે. વળી આપણા દેશમાં કૃષિ વરસાદ અને વાતાવરણ આધારિત હોઈ ઓછા વરસાદ બગડેલા વાતાવરણની અસર ખેતી પર થાય છે અને ખેત ઉત્પાદનોના ભાવો વધે છે.

વધતી મોંઘવારીમાં મોજશોખની ચીજવસ્તુઓ પર કાપ મુકી શકાય પરંતુ રોજબરોજ ઉપયોગમાં લેવાતી શાકભાજી, અનાજ અને દૂધમાં ક્યાં કાપ મુકવો તે મધ્યમવર્ગીય પરિવારો માટે મોટો પ્રશ્ન બની રહ્યો છે.

ગાંધીનગરમાં વેપાર-ધંધાની તકો ખુબ મર્યાદિત છે. અહીં વસતો મોટો વર્ગ મધ્યમ વર્ગ છે. અને સરકારી નોકરીમાં જોડાયેલો છે. તેમને મોંઘવારીનો માર સહન કરવો પડે છે. ગાંધીનગરમાં રહેવાનો ખર્ચ વધુ છે. શિક્ષણ વધુ છે અને જીવન જરૂરીઆતની ચીજ વસ્તુઓ પણ પ્રમાણમાં મોંઘી છે. આવી સ્થિતિમાં બિચારો વસાહતી જાય તો ક્યાં જાય. જાતભાતના ટેક્સ ચુકવવામાં પણ ખુબ ખર્ચ થાય છે. મોજમજા પાછળ ખર્ચ કરી શકાય તેટલા રૂપિયા જ બચતા ન હોવાથી અહીં હરવા ફરવાના સ્થળોનો વિકાસ થયો નથી. મોંઘવારીના ચક્કરમાં આમ આદમીની સ્થિતિ દિવસે દિવસે બદતર બનતી જાય છે.

# નરેગા યોજનામાં માત્ર ૧૨ ટકા લોકોને રોજગારી મળી

## વિધાનસભામાં કોંગ્રેસ દંડક બળવંતસિંહનો સીધો આક્ષેપ

## યોજના હેઠળની માત્ર ૬૩.૮૮ ટકા રકમનો જ ઉપયોગ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક બલવંતસિંહ રાજપુતે આજે ગુજરાતમાં મોટી સરકાર ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, બજેટ હોવા છતાં રાજય સરકાર દ્વારા માત્ર ચોથા ભાગની રોજગારી ઉભી કરીને કેન્દ્ર સરકારે રકમ આપેલી હોવા છતાં ગરીબો સુધી રોજગારી પહોંચાડી નથી. મહાત્મા ગાંધી નરેગા યોજનામાં રાજય સરકારે માત્ર ૧૨ ટકા લોકોને જ રોજગારી ઉપલબ્ધ કરાવી છે. કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવી રહેલી પૂરતી રકમ ગરીબો સુધી પહોંચી રહી નથી. જેથી ગરીબો સાથે અન્યાય કરવામાં આવી રહેલ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મહાત્માગાંધી નરેગા યોજના હેઠળ રાજય સરકારને કુલ ૬૨૯.૫૪ કરોડ રૂપિયાની રકમ આપવામાં આવી હતી. આ રકમ પૈકી ૪૦૨.૨૦ કરોડ રૂપિયા જ ખર્ચ કરવામાં આવી છે. આનો મતલબ એ થયો કે, માત્ર ૬૩.૮૮ ટકા રકમ જ મહાત્માગાંધી નરેગા યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી રકમ પૈકીની રકમ ખર્ચ કરવામાં આવી છે. આ યોજના હેઠળ અપાયેલી ૩૨ ટકા રકમનો ઉપયોગ કરવામાં ન આવ્યો હતો. ૪૦૨ કરોડ રૂપિયામાંથી ૨૨૬.૧૬ કરોડ રૂપિયા વેતન રોજગારી ઉભી કરવા માટે ખર્ચ કરવામાં આવ્યા હતા. જ્યારે ૧૪૬.૩૫ કરોડની રકમ મટીરીયલ પાછળ અને ૨૯.૬૯ કરોડ રૂપિયા વહીવટી ખર્ચ માટે ઉપયોગ કરવામાં આવ્યા હતા. રાજય સરકાર દ્વારા કુલ ૨૯૬૧૪ કામો પુરા કરવામાં આવ્યા છે. જ્યારે ૭૩૩૦૮ કામ પ્રગતિમાં રહેલા છે. સરેરાશ ૧૦૬ની રોજગારી એક વ્યક્તિને આપવામાં આવી રહેલી છે. એક દિવસ કામ આપવાનો કુલ ખર્ચ ૧૮૮ રૂપિયા થયો હતો. રાજપુતે એમ પણ કહ્યું હતું કે, ૧૦૦ પ્રતિદિન વેતન કરતાં પ્રતિદિન ઓછું વેતન સરેરાશ એક કામદારને મળ્યું છે. નરેગા યોજના હેઠળ એક કામ પાછળ સરેરાશ ૧૩ કામદારોને રાખવામાં આવ્યાં હતાં. એક કામ પાછળ રોજના ૨૦૮ વ્યક્તિઓને રાખવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લામાં ફાળવવામાં આવેલી રકમ પૈકી ૨૪.૨૭ ટકા, વલસાડ જિલ્લામાં ૪૧.૧૭ ટકા, ભાવનગરમાં ૩૦.૯૨ ટકા અને કચ્છ જિલ્લામાં ૨૯ ટકા રકમ જ ખર્ચ કરવામાં આવી છે.

## શબ્દાવલી - ૪૯૮૨



### આડી ચાવી

૧. ચોપાટની કુકરી (૩)
૩. રોફ (૩)
૫. નિર્મમ, ક્રૂર, ... હત્યા (૪)
૭. નરઘુ, ઢોલ (૩)
૯. કાર્ય, કાજ (૨)
૧૧. મરમ કે જન્મ પછી અમુક દિવસ... લાગે (૩)
૧૨. મડદુ (૨)
૧૩. મુસ્લિમ સ્ત્રીને કરાતું માનવાચક સંબોધન (૫)
૧૪. આલિંગન (૨)
૧૫. એકદમ નવું (૫)
૧૯. એક ફળ (૨)
૨૦. અવાજ, શોરગુલ (૫)

### ઊભી ચાવી

૧. કસમ, સમ (૩)
૨. માટલું ફૂટયું હોય તેના કટકા (૩)
૩. ભારતનું ચલણી નાણું (૩)
૪. ખાટલામાં... ભરાય (૨)
૬. ક્રુજારી, કંપારી (૪)
૮. છુ થઈ જવું, અદૃશ્ય થવું (૫)
૯. કાપડ વેતરવાનું સાધન (૩)
૧૦. માખણ (૨)
૧૧. રંગબેરંગી દોરાની આંટી (૩)
૧૨. ઝાકળ, ઓસ (૪)
૧૬. ઘેન, દારૂ પીવે તે (૨)
૧૭. કિનાર, ધાર (૨)
૧૮. ભગવાન (૨)
૧૯. કપડા (૨)

### શબ્દાવલી ૪૯૮૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) મળસકુ (૪) સીમા (૬) લાવારસ (૯) મરસીયા (૧૦) બલા (૧૨) જીવાત (૧૪) માવઠુ (૧૬) રાડ (૧૮) માવતર (૧૯૦ મેવાડ (૨૧) લાકડુ (૨૨) તીરંદાજ

**ઊભી ચાવી :-** (૧) મજહબ (૨) સલામ (૩) કુવારપાઠુ (૫) માવજત (૭) રસી (૮) સયાજીરાવ (૧૧) લામા (૧૩) વાડત (૧૫) વચકડુ (૧૭) જમેલા (૧૮) માહિતી (૨૦) વાડ

# હવે સરકારી-ગ્રાન્ટેડ આયુર્વેદ કોલેજ એકડો કાઢવાનું ષડયંત્ર

અમદાવાદ, તા.૧૭

ગુજરાત સરકારે રાજયમાં મેડીકલની જેમ સરકારી અને ગ્રાન્ટેડ આયુર્વેદ કોલેજનો એકડો કાઢી નાંખવાનું ષડયંત્ર રચ્યું હોવાનો આક્ષેપ કોંગ્રેસ પક્ષે કર્યો છે. આથી હવે વિદ્યાર્થીઓએ રૂા. ૨ લાખ જેવી તોતીંગ ફી આપવી પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

ગુજરાતમાં કુલ ચાર સરકારી, ત્રણ ગ્રાન્ટ ઈન એઈડ અને ત્રણ સ્વનિર્ભર આયુર્વેદ કોલેજો મળી કુલ ૧૦ કોલેજોની ૪૩૫ જેટલી બેઠકો ઉપલબ્ધ હતી. જેમાંથી બે સરકારી, એક ગ્રાન્ટેડ અને બે સ્વનિર્ભર કોલેજોની મળીને માત્ર ૨૬૦ બેઠકોને જ મંજુરી મળી છે. આયુર્વેદમાં પ્રવેશ માટે સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓ પાસેથી માત્ર ૧૦૦૦ રૂપિયા ફી પેટે લેવામાં આવે છે. જ્યારે ગ્રાન્ટ ઈન એઈડમાં વિદ્યાર્થીઓ પાસેથી ૨૫ હજાર રૂપિયા અને સ્વનિર્ભર આયુર્વેદ કોલેજોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ પાસેથી ૨ લાખ રૂપિયા જેટલી તોતિંગ ફી વસુલ કરવામાં આવે છે. હાલ કુલ ૧૦ પૈકી માત્ર ૫ કોલેજો ચાલુ છે. બાકીની ૫ કોલેજો બંધ છે અથવા તો આગામી સમયમાં બંધ કરવી પડે તેવી પરિસ્થિતિ ઉભી કરવામાં આવી રહી છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર આયુર્વેદ જેવી હોટફેવરીટ ગણાતી શાખામાં વિદ્યાર્થીઓ માત્ર ૧ હજાર કે ૨૫ હજાર રૂપિયા જેવી મામુલી ફી સાથે ભણે તે પસંદ કરતી નથી. જેના કારણે સૌ પ્રથમ તો ગ્રાન્ટ મેળવતી કોલેજોને છેલ્લા પાંચ વર્ષથી મેઈન્ટનન્સ ગ્રાન્ટ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત સરકારી અને ગ્રાન્ટેડ આયુર્વેદ કોલેજોમાં છેલ્લા ૧૦ વર્ષથી તમામ પ્રકારની ભરતી પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે.

## ૬૮ ટકા મતદાન.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોવાનું અધિકારીઓએ સમજાવ્યું હતું. રાજય ચૂંટણી પંચે પંદર પુરાવામાં યુનિક આઈ.ડી.ને માન્યતા આપી છે. મતદારોના નામ નહિ હોવાની પણ છુટક ફરિયાદો તંત્રને મળી હતી જો કે તંત્ર એ આ ફરિયાદોમાં વજુદ નહિ હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીની મતગણતરી હવે મંગળવારે સવારે ૯ વાગ્યાથી શરૂ થશે અને બપોરના ૨ વાગ્યા સુધીમાં તમામ પરિણામો આવી જશે તેવો વિશ્વાસ બંને ચૂંટણી અધિકારીઓ શ્રી આર.પી. ભાટી અને શ્રી જયેશભાઈ તુવારે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું છે કે આ માટેની તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. ગણતરીદારોના હુકમો કરી દેવામાં આવ્યા છે તેમજ તેમને તાલિમ પણ આપી દેવામાં આવી છે.

## વસંતોત્સવ ઉજવાશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેને જોવા ગાંધીનગર ઉપરાંત અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાંથી ખુબ લોકો આવે છે. મુખ્ય સ્ટેજની આસપાસ વધુ લોકો બેસી શકે તે માટે બેઠક વ્યવસ્થાને વધુ સુવિધાજનક બનાવાઈ રહી છે. વીઆઈપી એરિયાને વધુ ડેવલોપ કરાયો છે.

આ વર્ષે જુદા જુદા પ્રાંતોના લોકનૃત્યોનો લ્હાવો વધુ આનંદથી માણી શકાય તે માટે દેશના બધા જ રાજયોના સ્થાનિક લોકનૃત્યોના ગ્રુપોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તેમના માટે રહેવા અને જમવાની સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે માટે ગાંધીનગરમાં જુદા જુદા સ્થળો-હોસ્ટેલોને બુક કરાવાયા છે.

જુદા જુદા પ્રાંતની હસ્તકલાની ચીજવસ્તુઓ એક છત નીચે મળી રહે તે માટે પણ વસંતોત્સવ દરમિયાન ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જુદા જુદા રાજયો ઉપરાતં ગુજરાતના વિવિધ ભાગોની હસ્તકલાનું પ્રદર્શન અહીં થાય તે માટે સ્થાનિક ક્ષેત્રના કલાકારોને આમંત્રણ આપી પ્રોત્સાહન પુરું પાડવામાં આવી રહ્યું છે. ફુડ સ્ટોલ માટે ખાસ જગ્યા ફાળવવામાં આવી છે. આ પર્વ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવા પોલિસ તંત્ર દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ટ્રાફિક નિયમન માટે પણ ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ છે.

## શિશુનગરીમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલા શાળા અને કાર્યશાળાના વિભાગોમાં બાળકો મુક્તમને અને મન ફાવે તેમ સંગીત વાદ્યો વગાડતા હતા. ડ્રોઈંગ, કરતા હતા. રંગોળી પૂરતા હતા. સુથારીકામ, કડિયાકામ, મોચી કામ, લુહારીકામ, દરજી કામ વગેરેની ઓળખ આપતી કાર્યશાળા પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

ચિત્ર પુસ્તકાલયમાં ધાર્મિક સ્થળોના ચિત્રો, પુસ્તકો, ચાર વેદની સમજ આપતા ચિત્રો, પુસ્તકો, જૈનધર્મ, હિન્દુ ધર્મ વગેરેના ધાર્મિક ચિત્રો, પુસ્તકો, તીર્થ સ્થાનો, સંત મહાત્માના ચિત્રો, પુસ્તકો આ પ્રદર્શનમાં મુકાયા હતા.

રમકડાની દુકાનમાં જુદા જુદા રમકડાઓ પણ મુકવામાં આવ્યા હતા. બાળકોને ઉપયોગી રમકડાઓ અહીં નજીવી કિંમતે વેચાણે મુકવામાં આવ્યા હતા. આ ઉપરાંત ખાણીપીણી બજારમાં પણ સૌને મનગમતુ તથા પૌષ્ટિક ખાવાનું-પીવાનું મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. અહીં ટામેટા સૂપ, દહીંવડા, પૌષ્ટિક ભેળ, પૌષ્ટિક શરબત, ખીચુ, પૌષ્ટિક સુખડી, ચ્હાની સૌએ લિજ્જત માણી હતી.

બાળકો માત્ર ચોપડીયુ જ્ઞાન મેળવી જ્ઞાનનો કીડો ન બને પણ વાસ્તવિક જીવનના દરેક અનુભને જુએ-જાણે તથા પ્રત્યક્ષ વસ્તુઓને નિહાળી અનુભવ કરે તે માટે શાળાના આચાર્યા અને શિક્ષિકાઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ શિશુ નગરીમાં રજૂ કરવામાં આવી હતી. બાળકોને હાથીની સવારી, ઊંટની સવારી, ઘોડાની સવારીનો અનુભવ થાય તે માટે સંસ્થાએ ઊંટ, ઘોડો, હાથી શાળામાં મંગાવીને બાળકોને તેનો અનુભવ અપાવ્યો હતો. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રોસેસ કીટ, સાઉન્ડ લેવલ મીટર, આર.ડી.એસ. મશીન રજૂ કરવામાં આવ્યું હતું. જેની માહિતી એમ.ડી. પટેલ એ.ઈ.ઈ.એ તથા જુ. વૈજ્ઞાનિક મદદનીશ ડી.વી. ચૌધરીએ આપી હતી.